# પ્રાંતિજ ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યથાવત...





પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યંત્ર યુગમાં યથાવત છે અને હોળી ધુળેટી ના ત્રીજા દિવસે માતાજીની જાતર ની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

પ્રાંતિજ બંબાવાસ ખાતે આવેલ જોગણી માતાનાં મંદિર ખાતે દર વર્ષે હોળી- ધુળેટી ના ત્રીજા દિવસે ધાર્મિક - સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે માતાજીની જાતર થાય છે જયારે વર્ષોથી ચાલી આવતી પરંપરા માં પહેલાં ના જમાનામાં માતાજીની જાતર ની સાથે ભવાઈ સહિત ના કાર્યક્રમો યોજાતાં હતાં જયારે અત્યારે સમય બદલાતા હાલ ધાર્મિક પ્રોગ્રામોની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત માતાજી ની આરતી જાતર યોજાય છે. જયારે સાંસ્કૃતિક કાર્યક્રમો માં બાળકોએ ડાન્સ ,નાટક , ગીત , સહિત ના કાર્યક્રમોમાં બંબાવાસ ખાતે રહેતા વડીલો તથા બાળકોએ ભાગ લઈ આવનાર મહેમાનો તથા માતા-પિતા ના દિલ જીતી લીધાં હતાં જયારે પ્રસંગે નગરપાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર , ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ નગરનાલિકા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ , હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ , મહેશભાઈ રાઠોડ , અમરીશ સોની , નટુભાઈ બારોટ , ભાજપ મહિલા મોરચા ની બહેનો સહિત સમાજના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો આ વખતે વડીલોએ નાટક મા ભાગ લીધો હતો જેમા સોમાજી કાળાજી મકવાણા , અશોકકુમાર સોમાજી , તલાજી કાળાજી મકવાણા , બુધાજી ભલાજી , દિપાજી , રાકેશકુમાર ચંદુજી , રવિશ ભાઈ મકવાણા વગેરેએ દ્રારા સુંદર નાટક ભજવ્યુ હતુ તો સમગ્ર કાર્યક્રમ નુ સુંદર આયોજન દિલીપભાઈ , મંગાજી ભલાજી મકવાણા , કલ્પેશભાઈ , કમલેશભાઈ , મુકેશભાઈ સહિત સમગ્ર જોગણી માતા યુવક મંડળ દ્રારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## અંબાજીનો મોહનથાળનો પ્રસાદ કલેક્ટરને આપતા ભૂદેવો...

# પરંપરાગત વેશભૂષામાં સજ્જ ભુદેવોએ પ્રસાદ આપી જતાવ્યો અનોખો વિરોધ

**અધિક કલેક્ટરને પ્રસાદ આપી તંત્રને સદબુદ્ધિ આપવા કરી પ્રાર્થના : દાતાઓના સહયોગથી રોજના ૨૦૦ કિલો પ્રસાદનું નિઃશુલ્ક વિતરણઃ ૩૦ માર્ચ સુધીના દાતાઓ નું બુકીંગ પૂર્ણ**

પાલનપુર તા.૧૦

યાત્રાધામ અંબાજી ખાતે "માં અંબા"ના પ્રસાદ તરીકે મોહનથાળ બંધ કરાયો છે. તંત્ર દ્વારા પ્રસાદ બંધ કરાયો છે. ત્યારે ધુળેટીથી સમસ્ત બ્રહ્મ સમાજની આગેવાનીમાં માઈ ભકતોએ નિઃશુલ્ક પ્રસાદ શરૂ કર્યો છે.

જે પ્રસાદ આજે કલેકટર કચેરીએ આપી તંત્રને સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના કરાઈ હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,યાત્રાધામ અંબાજી ખાતે માં ભગવતી નો પ્રસાદ મોહનથાળ બંધ કરી ચીક્કી નો પ્રસાદ શરૂ કરાયો છે. સરકારના આ તઘલખી નિર્ણયના હિંદુ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તંત્રએ પ્રસાદ બંધ કર્યો છે. ત્યારે લોકોએ સ્વંયભુ મળીને





સમસ્ત બ્રહ્મ સમાજની આગેવાનીમાં નિઃશુલ્ક મોહનથાળના પ્રસાદનું ધુળેટી થી વિતરણ શરૂ કર્યુ છે. જેમાં રોજના ૨૦૦ કિલો લેખે ૩૦ તારીખ સુધીના દાતા પણ થઈ ગયા હોવાનું શાસ્ત્રી કિશોરભાઈ દવેએ જણાવ્યું હતું. દરમિયાન આજે અંબાજી ખાતે "માં અંબા" ને રાજભોગ ધરાયા બાદ તે પ્રસાદ નિવાસી અધિક કલેકટર ને આપવામાં આવ્યો હતો. તંત્રએ બંધ કરેલો મોહનથાળનો પ્રસાદ અધિકારીઓને આપી તંત્રને સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના કરાઈ હોવાનું પરશુરામ પરિવાર ના અગ્રણી ડામરાજી રાજગોરે જણાવ્યું હતું. આમ, પરંપરાગત વેશભૂષામાં સજ્જ બની અબોટિયા પહેરીને આવેલા ભુદેવોએ માં અંબા ના ૧૦૮ મંત્રોચ્ચાર વચ્ચે તંત્રને પ્રસાદ આપી અનોખો વિરોધ જતાવતા અંબાજીમાં ફરી મોહનથાળનો પ્રસાદ શરૂ કરવાની માંગ કરી હતી. આ પ્રસંગે શાસ્ત્રી કિશોર ભાઈ દવે, ડામરાજી રાજગોર, તૃપ્તિબેન દુષ્યંતકુમાર દવે, જીતુભાઈ મહેતા(અંબાજી) સહિતના ભુદેવ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા એન. આર. એ વિદ્યાલયમાં ત્રિ-વિધ કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧૦

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ વિદ્યાલય પરિસરમાં આનંદ ઉલ્લાસભેર ત્રિ-વિધ કાર્યક્રમ યોજાયો હતો.વય નિવૃત્ત શિક્ષકો,સેવક અને ધોરણ -૧૦અને ૧૨ માં અભ્યાસ કરતા પરીક્ષાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જન સેવા સંઘના સંચાલક મંડળના ટ્રસ્ટીઓ ગિરીશભાઈ ઉપાધ્યાય, રોહિતભાઈ ત્રિવેદી,કમલેશભાઈ મહેતા,સતિષભાઈ જોષી,ભરતભાઈ ત્રિવેદી,હર્ષદભાઈ ત્રિવેદી સામાજીક કાર્યકરો રામઅવતાર શર્મા,દક્ષાકુમાર ત્રિવેદી,કલ્પેશભાઈ ત્રિવેદી,જીતકુમાર ત્રિવેદી,ભરતભાઈ પટેલ, કનુભાઈ ખત્રી સહિત સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વય નિવૃત્ત શિક્ષક મુકેશભાઈ સી.ત્રિવેદી, એસ.કે. પટેલ, એસ.એન.પટેલ, આઈ.એમ.પટેલ સહિત સેવક ભુરજીભાઈ બલાતના વિદાય સમારંભ નિમિત્તે વય નિવૃત્ત શિક્ષકો, સેવક ને હુલહાર પહેરાવી, શાલ ઓઢાડી, મોમેન્ટો આપી, સન્માનભેર વિદાય અપાઈ હતી. ભિલોડા એન.આર. એ વિદ્યાલયના આચાર્ય વી.ટી. ચૌહાણ સહિત સ્ટાફ પરીવારે ત્રિ-વિધ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# તલોદ શ્રીનાથજી હવેલી ખાતે રંગોત્સવ ઉજવાયો



તલોદ ખાતે શ્રીનાથજી હવેલી અને સર્વ મંગલા દેવી ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજી હવેલી પરિસર ખાતે હોળી ધુળેટી નિમિતે ડોલોત્સવ ના દર્શન નું સુંદર આયોજન કરી ૧૧.૩૦ થી ૨.૩૦ દરમિયાન ચાર ભોગ ના દર્શન કરી વૈષ્ણવ ભાઈ બહેનો એ ધન્યતા અનુભવી હતી દર્શન બાદ વૈષ્ણવ ભાઈ બહેનો એ રંગોનું પર્વ રંગોત્સવ ની રંગબેરંગી રંગો થી પુષ્પો થકી ધુળેટી પર્વ ની સામૂહિક રીતે ઉજવ્યો હતો આ પ્રસંગે તલોદ શહેર ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ રચના ગાંધી,સુપર સહેલી ગ્રુપ ના ચેર પર્સન મનીષા શાહ સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવ સંપ્રદાય ના ભાઈ બહેનો ઉપસ્થિત રહી રંગોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી ધવલ પ્રવીણ ચંદ્ર શાહ પરિવાર દ્વારા ઉપસ્થિત વૈષ્ણવ ભાઈ બહેનો માટે મહાપ્રસાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું

# ધાનેરા તાલુકામાં આવેલ બાપલા હાઈસ્કૂલમાં શુભેચ્છા સમારોહ

ધાનેરા તા.૧૦

ધાનેરા તાલુકાના બાપલા ખાતે આવેલ શ્રી મહર્ષિ કણ્વ અભિનવ વિદ્યાલયમાં ધાનેરાના માજી ધારાસભ્યશ્રી અને હાઈ સ્કૂલના પ્રમુખશ્રી મફતભાઈ પુરોહિત ના અધ્યક્ષ સ્થાને આજે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો આજે શુભેચ્છા સમારંભ યોજાયો હતો.

જેમાં શ્રી મફતભાઈ પુરોહિત દ્વારા મા સરસ્વતી ને દીપ પ્રગટાવી ને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી .આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,બાપલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને વર્ષ ૨૧ ૨૨ માં એક થી ત્રણ નંબર માં ટોપ માં રહેલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને ઈનામ આપનાર દાતાશ્રી નગીનભાઈ પટેલ વકતાપુરા દ્વારા વિવિધ પ્રકારના ઈનામો આપી અભિવાદન કરવામાં આવ્યુ હતું . બાપલા હાઈસ્કૂલના આચાર્યશ્રી શંકરભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આવનારી બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ભય મુક્ત રહી પરીક્ષા આપવા જણાવ્યુ હતું . ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના વિદાય અને શુભેચ્છા સમારોહમાં ધાનેરાના માજી ધારાસભ્યશ્રી મફતભાઈ પુરોહિત ધાનેરા તાલુકા પંચાયતના



તેમજ ઉતરોતર પ્રગતિ કરો તેવા આશીર્વાદ આપી શાળાની બાલિકાઓ દ્વારા બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને તિલક કરીને મો મીઠું કરાવ્યું હતું જે પ્રસંગે બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ કેટલીક ક્ષણ માટે ભાવુક થયા હતા .કુંવારલા હાઈસ્કૂલ ના આચાર્યશ્રી દ્વારા પ્રસંગિક પ્રવચનો કરીને વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી

બાપલા હાઈ સ્કુલ ખાતે વાંછોલ સીટના પૂર્વ ડેલિકેટ શ્રી કચરાભાઈ પટેલ, સમાજસેવી અને આર એસ એસ ના કાર્યકરશ્રી તેમજ વિદ્યાર્થીઓને ઈનામ આપનાર દાતાશ્રી નગીનભાઈ પટેલ, કુંડી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી ભલાભાઈ મેવાડા તેમજ ગામમાંથી પધારેલ મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## ભિલોડા તાલુકાના ધંબોલિયા ગામની

# ધી ધંબોલિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. દ્વારા દુધ ઉત્પાદકોને બેટરીનું વિતરણ કારાયું



ભિલોડા,તા. ૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંબોલિયા ગામની ધી ધંબોલિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન / વા. ચેરમેન ઈન્દ્રજીતસિંહ એ. રાઠોડ (એડવોકેટ, નોટરી) , સેક્રેટરી સહિત વ્યવસ્થાપક કમીટી સભ્યો જગતસિંહ ચૌહાણ, બબાભાઈ ગોરી ધ્વારા દુધ ડેરીમાં દુધ ભરાવતા પશુ - પાલકોને બેટરીનું વિતરણ કરાયું હતું.દુધ ભરાવતા સર્વે પશુ - પાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ માટી વેચી મારવાનું મહાકૌભાંડ

**ભ્રષ્ટ અધિકારીઓથી માંડી રાજકીય આગેવાનોની મીલીભગતના ગંભીર આરોપ લાગ્યા : કરોડોની કટકીના ખેલમાં અનેક ભાગીદાર હોવાની ચર્ચા : ટીંટોઈના મેરાજીયા તળાવની માટી રહેણાંક વિસ્તારમાં ઠલવાતાં બહુમાળી ભવનમાં ફરિયાદ પહોંચી**

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ તળાવ ઉંડાં કરવાની કામગીરી શરૂ થયાના એક સપ્તાહમાં જ ફળદ્રુપ માટી વેચી મારવાનું મહાકૌભાંડ પ્રકાશમાં આવતાં ખળભળાટ મચી ગયો છે. મોડાસા તાલુકાના ટીંટોઈના મેરાજીયા તળાવ ઉંડું કરવા માટે ધારાસભ્ય સહિત જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો તે તળાવની માટી જ રહેણાંક વિસ્તારમાં ઠલવાયાની ફરિયાદ ગુરૂવારે અરવલ્લી બહુમાળી ભવનમાં પહોંચતાં સનસનાટી મચી ગઈ છે. તળાવો ઉંડાં કરવામાં કરોડોની કટકીનો ખેલ ચાલી રહ્યો છે અને તેમાં મોટાં માથાંની સંડોવણી ન્યાયિક તપાસ દરમ્યાન બહાર આવી શકે છે. આવનારા દિવસોમાં પોતાના મળતિયાઓને તળાવો ઉંડા કરવાના કોન્ટ્રાક્ટ અપાયાની ઉઠેલી ફરિયાદોમાં કેટલું તથ્ય છે તે પણ સામે આવી શકે છે. મળતી વિગતો અનુસાર સરકાર દ્વારા દર વર્ષે ચોમાસા અગાઉ તળાવો ઉંડા કરવાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવે છે પરંતુ તળાવો તો મામૂલી ઉંડાં થયાં પરંતુ અનેક ભ્રષ્ટ અધિકારીઓ અને તેમની ટોળકી માલામાલ થઈ ગયાની વિગતો પ્રકાશમાં આવી રહી છે. છેલ્લા કેટલાય વર્ષોથી તળાવો ઉંડા કરવાના નામે ગફલો ચાલી રહ્યો છે અને કોઈ ફરિયાદ કરે તો તેને દામ, શામ, દંડથી દબાવી દેવામાં આવે છે. પરંતુ ક્યારેક પાપ છાપરે ચઢીને પોકારે ત્યારે બધા જ કૌભાંડો બહાર આવવાની સંભાવના હોય છે. ગત વર્ષે તળાવો ઉંડા કરવાની કામગીરી દરમ્યાન માટી જે ખેતરમાં નાખવામાં આવી હતી તેના ઉપર બિલ્ડરોએ રેસીડેન્સીયલ અને કોમર્શિય સ્કીમો મૂકી દીધાની વિગતો સામે આવી છે. આ વર્ષે પણ ગત તા.૬ માર્ચથી સુજલામ



સુફલામ જળ અભિયાન શરૂ થયું અને એ સાથે જ તળાવોની ફળદ્રુપ માટી ખેડૂતોના ખેતરમાં નાખવાના બદલે માલેતુજાર બિલ્ડરોના ખેતરો અને જગાઓમાં ઠલવાઈ રહી છે. ટીંટોઈના મેરાજીયા તળાવમાંથી માટી ખોદ્યા પછી ખેતરમાં નાખવાના બદલે બિનખેતીની જમીનમાં ઢગલા થઈ જતાં આ અંગે ખાણખનિજ વિભાગને અરજદારે ફરિયાદ કરી જેથી પગતળે રેલો આવશે તેમ જણાતાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે પરંતુ આવનારા દિવસોમાં અધિકારીઓ અને તેમના મળતિયા કોન્ટ્રાક્ટરોની અનેક પ્રકારની કરમ કુંડળી બહાર આવવાની વકી છે.

# ડીસાના રાણપુર પાસે બટાકાના તોલમાં જઈ રહેલા મજૂરોને અકસ્માત નડ્યો

ડીસા, તા. ૧૦

ડીસા-રાણપુર રોડ પર આજે વહેલી સવારે મજૂરો ભરીને બટાકાના તોલમાં જઈ રહેલા મજૂરોને અકસ્માત નડ્યો હતો. અચાનક સામે રોંગ સાઈડમાં ટ્રેક્ટર આવી જતા જીપડાલાના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા ગાડી ખેતરમાં ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૦ જેટલા મજૂરોને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે. અત્યારે બટાકા નિકાળવાની સિઝન ચાલી રહી છે. ત્યારે ડીસાથી મજૂરો ભરીને એક જીપડાલું રાણપુર તરફ જઈ રહ્યું હતું. તે સમયે અચાનક સામે રોંગ સાઈડમાં ટ્રેક્ટર આવી જતા જીપડાલાના ચાલકે સ્ટેયરીંગ





પરથી કાબૂ ગુમાવ્યો હતો અને મજૂરો ભરેલી ગાડી ખેતરમાં ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં જીપડાલામાં બેઠેલા મહિલાઓ અને યુવતીઓ સહિત ૧૦ જેટલા મજૂરોને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત મજૂરોને બહાર કાઢ્યા હતા. જ્યારે આ અકસ્માતની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી હતી.અને ઈજાગ્રસ્ત મજૂરોને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ડબલ નોકરી કરતા ઈસમની મધ્યાહન ભોજન સંચાલક પદેથી હકાલપટ્ટી

## ડીસા મામલતદારની તપાસમાં ડબલ નોકરી કરતો હોવાનું ખુલ્યું

ડીસા, તા. ૧૦

ડીસામાં રહેતા એક મધ્યાહન ભોજન સંચાલક વિરૂદ્ધ બે જગ્યાએ નોકરી કરતા હોવાની આધાર પુરાવા સાથે મળેલી ફરિયાદ બાદ નાયબ કલેકટરની સૂચના આધારે ડીસા મામલદાર બોડાણાએ તપાસ હાથ ધરી હતી. જેમાં મુકેશભાઈ અજયભાઈ રાઠોડ નામનો ઈસમ ડીસાની પ્રાથમિક સ્કૂલમાં મધ્યાહન ભોજન સંચાલક તરીકે જ્યારે ડીસા તાલુકાના માણેકપુરા ગામ ખાતે પટાવાળા તરીકે નોકરી કરતો હતો. અને બન્ને સ્કૂલોમાં રેકોર્ડ નિભાવી પગાર પણ લેતો હોવાનું જણાયું હતું.આમ આ એક વ્યક્તિએ ડબલ રોલમાં સ્કૂલોનાં આચાર્યોને પણ છેતરી કોભાંડ આચર્યું હતું. આ બાબતની જાણ જિલ્લા મથક પાલનપુરનાં એડવોકેટ મનોજકુમાર મોહનભાઈ પરમારને થઈ હતી. જેથી તેઓએ રાજ્યહિતમાં આ મામલે જિલ્લા કલેકટરને લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરી હતી. જેમાં તપાસ દરમ્યાન આ ઈસમે બને સ્કૂલોમાં પગાર લઈ સરકારને ચૂનો ચોપડ્યો હોવાનુ ખૂલ્યું હતું. આ મહત્વના પુરાવાના આધારે ડીસા મામલતદાર એસ.ડી.બોડાણાએ છેતરપીંડી આચરનાર મુકેશ રાઠોડને તાત્કાલિક અસરથી ડીસા શિવનગર પ્રાથમિક સ્કૂલ સંચાલક પદેથી સસ્પેન્ડ કર્યો હતો.અને તેની પાસેથી સંચાલક તરીકેનું તમામ રેકર્ડ જપ્ત કરી,આ કેન્દ્રનો ચાર્જ જ્યોતિબેન વી.દવેને સોંપ્યો હતો. માણેકપુરા માધ્યમિક સ્કૂલમાં પટાવાળા તરીકે નોકરીનું ખોટું રેકર્ડ નિભાવી પગાર વસુલનાર આ ઈસમ પાસેથી વસુલાત કરવા કાર્યવાહી કરાશે. તેવું જિલ્લા માધ્યમિક શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.